ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

કોઈને
એની ભૂલ
ક્યારેય ન સમજાવવી
કારણ કે
સમય પાસે
સત્ય સાબિત કરવાની
પોતાની જ રીત હોય છે

## જન્મદિને વધામણી



કૃષ્ણકાંત જાદવ
મો. ૭૮૭૪૯ ૩૭૪૭૩



છાયા જે ઘેડીયા
મો. ૮૦૦૦૭ ૭૯૨૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ગુજરાતના સ્કેટર્સ વર્લ્ડ રેકર્ડમાં સામેલ

## GUINNESS BOOK OF WORLD RECORD 48 HOURS SKATING




ગુજરાતના સ્કેટર્સે અન્ય રાજ્યોના સ્કેટર્સ સાથે મળીને ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકર્ડ્સ અને એશિયા બુક ઑફ રેકર્ડ્સમાં પોતાનું નામ નોંધાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

કર્ણાટકના બેલગાવ મુકામે તા. ૯થી ૧૩ નવેમ્બર દરમિયાન વર્લ્ડ રેકર્ડ નોંધાવવા માટે સતત ૪૮ કલાક સ્કેટિંગનો ઉપક્રમ યોજવામાં આવ્યો હતો. પાંચ વર્ષથી માંડીને ૪૦ વર્ષની વય સુધીનાં ખેલાડીઓએ ૫૩૨૩ લૅપ લઈને ૪૮ કલાક સુધી સ્કેટિંગ કર્યું હતું. ૫૪૫ જેટલા ખેલાડીઓ આ ઉપક્રમમાં જોડાયા હતા. કોચ ભાર્ગવ આયરના માર્ગદર્શનમાં ગુજરાતના ખેલાડીઓ પણ આ ઉપક્રમમાં જોડાઈને વર્લ્ડ રેકર્ડ સિદ્ધ કરવામાં સાજેદાર બન્યા હતા. જેનીસ, રાહી, ધૈર્ય, શુભમ, પ્રત્યુશ, પ્રાસુ, પ્રિન્સ, ધ્રુવ, શુભ, હેત, નિત્યા, હિનમ, પ્રિન્સી, તનીશા, અભિ, પાર્થરાજસિંહ, કવન, નિખિલ, વિનીત, ભાર્ગવ અને ક્રિષ્નાએ ગુજરાતની ટીમ વતી આ રેકર્ડમાં પોતાની સાજેદારી નોંધાવી હતી.

# આર જી - ઍસ બી પટેલ કન્યા શાળાનો મહારાષ્ટ્ર પ્રવાસ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ દ્વારા મહાબળેશ્વર-લોનાવલા-ઈમેજિકાના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાંચ દિવસીય પ્રવાસમાં કુલ ૧૫૬ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર્સ અને શિક્ષકો આ પ્રવાસમાં જોડાયા હતા. પ્રવાસનું સંચાલન રમેશભાઈ પટેલ અને રમણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જીપીઍસસી દ્વારા લેવામાં આવેલી પરીક્ષા પાસ કરનાર દર્શનભાઈ દ્વારા ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે વિગતે સમજ આપવામાં આવી હતી. જીપીઍસસી પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી એ તેમના વક્તવ્યનો મુખ્ય મુદ્દો હતો. શાળાના આચાર્ય વિનોદભાઈ, કૉમર્સ સુપરવાઈઝર કેતકીબેન, સંજયભાઈ ત્રિવેદી અને ઍનઍસઍસ ઑફિસર દિનેશભાઈ આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતા.

# રવિવારે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ગાંધીજીનાં પ્રિય મેઘાણીગીતો ગૂંજશે

ગાંધીનગર, તા. ૨૨

ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, અમદાવાદ આયોજિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં પુત્રવધૂ અને આજીવન સમાજસેવિકા, પૂર્વ સાંસદ સ્વ. જયાબેન વજુભાઈ શાહનાં નાનાં બહેન સ્વ. કુસુમબેન નાનકભાઈ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં 'સ્વરાંજલિ' કાર્યક્રમ 'માતૃવંદના'નું આયોજન કરવામાં આવ્યું છે.




કાર્યક્રમ તા. ૨૫ નવેમ્બર ને રવિવારે સાંજે ૫.૦૦ કલાકે હીરક મહોત્સવ હૉલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે, જેમાં મહાત્મા ગાંધીને પ્રિય એવાં મેઘાણી-ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે. ગૂજરાત વિદ્યાપીઠના સહયોગથી યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં વાસંતીબેન શાહ, વિનાયકભાઈ ચૌહાણ, કિરીટસિંહ રહેવર, ગોવિંદસંગ ડાભી, શૈલેષ સાવલિયા, ભરત કારાણી, ભરત આડેસરા, નીલેશ પંડ્યા, રાજેશ ભાતેલીયા, વાલજી પિત્રોડા અને દેવેન બદાણી દ્વારા ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે.

## ગુજરાત જાયન્ટસનો વિવો પ્રો કબડ્ડી લિગમાં ઘરઆંગણે પાંચમો મુકાબલો

# ગુજરાતે યુ મુંબા સામે ભારે રસાકસી બાદ ૩૯-૩૫થી વિજય મેળવ્યો








ગાંધીનગર, તા. ૨૨

યજમાન ગુજરાત ફોરચ્યયુન જાયન્ટસે તેના મંગળવારે શહેરના એરેના ટ્રાન્સ સ્ટેડિયા ખાતે રમાઈ રહેલી વિવો પ્રો કબડ્ડી લિગની એક મેચમાં દબંગ દિલ્હી સામેની મેચના પરાજયની ભૂલોમાં સુધારો કરતા ઝોન એની ટોચની ટીમ યુ મુંબાને ભારે રસાકસી બાદ ૩૯-૩૫થી પરાજય આપ્યો હતો. એમ તો સમગ્ર મેચ દરમિયાન આ સાથે ગુજરાતના ૧૩ મેચમાં નવમા વિજય અને ૫૩ પોઈન્ટ થયા છે જ્યારે ગૃપમાં ટોચ પરની મુબાની ૧૫મી મેચમાં ચોથા પરાજય સાથે ૫૭ પોઈન્ટ થયા છે અને તેણે ગ્રુપમાં ટોચનું સ્તાન જાળવી રાખ્યું છે. ગુજરાતની ટીમે તેના ઝોન એમાં ટોચના ટીમ યુ મુબા સામે આજે ટોસ જીતીને તેની પ્રથમ જ રેઈડમાં પોઈન્ટ મેળવ્યો હતો જોકે, તેની આ સરસાઈ તરત જ હાથમાંથી સરકી ગઈ હતી અને તાજેતરમાં સ્પર્ધામાં ટોચ પર રહેલી મુબાની ટીમે વળતી લડત સાથે ગુજરાત પર સરસાઈ મેળવીને સ્કોર ૩-૨ કરી લીધો હતો.એ બાદ પણ ગુજરાતના ખેલાડીઓ પર મુબાના ખેલાડીઓ હાવી રહ્યા હતા અને યજમાન ટીમને ઓલઆઉટ કરવા સાથે સરસાઈ ૭-૧૧થી કરી લીધી હતી. એ બાદ ગુજરાતની ટીમે આક્રમકતા બતાવવાનો પ્રયાસ કર્યો પરંતુ ટીમની વ્યૂહરચના અનેક તબક્કે માર ખાઈ ગઈ અને ટીમને એક પછી એક આંચકા લાગ્યા હતા. આ તબક્કે યજમાન ટીમે તેની રણનીતિ બદલીને સુપર ટેકલ અને રેઈડ નિષ્ફળ બનાવવા પર વધુ ધ્યાન આપતા કેટલાક સારા પોઈન્ટ્સ મેળવવા સાથે હાફ ટાઈમ સુધીમાં સરસાઈ ઘટાડીને ૧૬-૨૧ કરી નાખી હતી. હાફ ટાઈમે ગુજરાતની ટીમ માત્ર ટેકલ પોઈન્ટમાં યુ મુબા સાથે ૫-૫ પીન્ટથી સાથે રહી શક્યું હતું જ્યારે રેઈડમાં તેને ૧૧ અને મુબામાં ૧૪ પોઈન્ટ તથા મુબાને ઓલઆઉટના બે પોઈન્ટ પણ મળ્યા હતા. આ દરમિયાન બન્નેમાંથી એક પણ ટીમ એક્સ્ટ્રા પોઈન્ટ મેળવી શકી ન હતી.

બીજા હાફમાં પણ ગુજરાતની શરૂઆત નબળી રહી હતી અને સચિનની રેઈડ નિષ્ફળ રહેતા ટીમે પોઈન્ટ ગુમાવ્યો હતો. બીજા હાફમાં એમ તો યજમાન ટીમ પ્રતિસ્પર્ધી ટીમ પર હાવિ રહી હતી પરંતુ સરસાઈ મેળવવા તેણે રીતસર ઝઝૂમવું પડ્યું હતું. મેદાન પર ટીમના આક્રમક વલણ છતાં ટીમે પોઈન્ટ મેળવવા ફાંફાં મારવા પડ્યા હતા. દબંગ દિલ્હી સામેની મેચમાં ટીમને વિજય અપાવી ન શકનારો સ્ટાર ખેલાડી સચિન આજે ટીમ માટે ફરી એક વખત તારણહાર બન્યો હતો તેણે ટીમ ૨૧-૨૭થી પાછળ હતી ત્યારે રેઈડથી બે પોઈન્ટ મેળવવા ઉપરાંત મુબાના દર્શનની રેઈડ નિષ્ફળ બનાવીને પ્રતિસ્પર્ધી ટીમને ઓલઆઉટ કરીને મહત્વપૂર્ણ ત્રણ પોઈન્ટ અપાવવામાં ભૂમિકા નિભાવી સ્કોરને ૨૬-૨૮ પર પહોંચાડ્યો હતો. એ પછી બન્ને ટીમો વચ્ચે બરોબરીની ટક્કર જોવા મળી હતી અને બન્ને ટીમો એક-એક પોઈન્ટ માટે ઝઝૂમતી જોવા મળી છતાં ગુજરાતની ટીમ મુબા સામે સરસાઈ મેળવી શકી નહતી. ઓફિશિયલ ટાઈમઆઉટ સુધી ગુજરાત ૨૯-૩૦થી પાછળ હતું. પરંતુ ફરી એક વખત સચિને સફળ રેઈડ કરીને ટીમને પોઈન્ટ અપાવીને સ્કોર ૩૧-૩૧ બાદ ૩૨-૩૨ કર્યો હતો.

રમતના અંતિમ તબક્કામાં કોચ મનપ્રિતે ગઈકાલે કરેલી ભૂલમાં સુધારો કરતા રેઈડની જવાબદારી મહેન્દ્ર રાજપૂતને સોંપતા યજમાન ટીમે મેચમાં પ્રથમ વખત સરસાઈ મેળવવા ઉપરાંત એ પછી મુબાની ટીમને ઓલઆઉટ કરી મજબૂત સરસાઈ કરી લઈ સ્કોર ૩૭-૩૨ કરી લીધો હતો. એ પછી છેલ્લે સુધી ગુજરાતના ખેલાડીઓએ આક્રમકતા જાળવવા સાથે સરસાઈ હાથમાંથી સરકવા દીધી ન હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૩૩મો મણકો ॥**

મને મામાસાહેબ ફડકેનું સ્મરણ થાય છે. તેમને જોઉં તો મને બાળપણની વાર્તાઓમાં સાંભળેલા ઋષિના દેખાવનું જ સ્મરણ થાય. એદકમ ઋષિ જેવા જ લાગે. પણ તેમનામાં અને ઋષિમાં મોટો ફરક હોય તો તે એ કે તેઓ હાફ પેન્ટ પહેરતા. તેમણે પંચમહાલ વિસ્તારમાં આદિવાસીઓ માટે કામ કરવામાં જિંદગી આપી દીધી. ભૂદાન ચળવળ વખતે હું ત્યાં પહોંચ્યો હતો. તેમણે કહ્યું હતું કે 'ભૂદાનયાત્રામાં હુંય તારી સાથે જોડાઈશ' અને તેઓ જોડાયા ને તેમની સાથે સંબંધ દ્રઢ થયો. આમ તો મારાથી ઉંમરમાં મોટા પણ તોય એમની સાથે રમૂજથી વાત થતી. મેં એક વખત આવી રમૂજથી જ તેમને પૂછ્યું હતું : 'તમારા સામાનમાં હું ક્યાંય કાંસકી નથી જોતો. તો પછી તમે આટલું મોટું દર્પણ કેમ રાખો છો ?' ત્યારે તેમણે કહ્યું મેં આ વિસ્તારમાં કામ શરૂ કર્યું ત્યારથી આ દર્પણ ફોડ્યું નથી, પણ આજે તેં કહ્યું જ છે તો તેને ફોડીએ. એમ કહી તેમણે દર્પણ ખરેખર ફોડ્યું. અને મારા આશ્ચર્ય વચ્ચે કાચની પાછળથી બૉમ્બ બનાવવાના કાગળિયાં નીકળ્યાં. મૂળ તેઓ ક્રાંતિકારી હતા અને બૉમ્બ બનાવવાનું કામ કરતા હતા. પણ ગાંધીજીને મળ્યા પછી તેમનામાં પરિવર્તન આવ્યું હતું. ગાંધીજીને માનનારાઓમાં આવાય હતા !



ગાંધીજીના સાથી સુરેન્દ્રજીનો પણ આવો જ રસપ્રદ પ્રસંગ છે. તેઓ ગાંધીજી સાથે જોડાયા ત્યારે વય બહુ હતી નહીં. તેમને ગામમાંથી એવા સમાચાર મળ્યા હતા કે ગાંવમેં એક મહાત્માજી આનેવાલે હૈં. જોકે, આ ગામને મહાત્માઓની કોઈ નવાઈ નહોતી, ઘણા આવતા. પણ ગાંધીજીના આવવામાં તેમને એટલા માટે રસ પડ્યો કે સમાચાર મળ્યા'તા, 'મહાત્માજી અપને ગાંવમેં ઠહેરનેવાલે નહીં હૈ.' તો તો એમને જોવા જ જોઈએ એમ માનીને તેઓ ગાંધીજીને જોવા ગયેલા.

તેમણે પોતાના શબ્દોમાં આ ઘટનાનું વર્ણન કર્યું છે કે, 'ગાંધીજી ગામમાંથી પસાર થયા ત્યારે તેમને જોવા માટે ગામના અનેક લોકો પણ રસ્તા પર આવીને ઊભા હતા. ગાંધીજી રોકાયા તો નહોતા જ. તેથી તેમની સાથે લોકો પણ ચાલતા હતા. અમને રમૂજ એટલી થતી કે ગાંધીજી સાથે ચાલવામાં અમારા ગામના વડીલોને લગભગ દોડવું જ પડતું. ગામ પુરું થયું ત્યાં સુધી વડીલો જોડે આવ્યા ને પછી પાછા વળી ગયા. પણ અમે તે સમયે છોકરા એટલે અમે થોડે વધુ આગળ સુધી ગયા. અમેય તેમનાથી આગળ રહેવા દોડતા. ગાંધીજીએ આ જોયું તેથી તેમણે પોતાની ઝડપ વધારી.




વળી અમે અમારી ઝડપ વધારી. આમ આગળ રહેવાની અમારી રમત ચાલતી ગઈ. અચાનક એક જગ્યાએ ગાંધીજી થોભી ગયા ને મારી સામે જોઈને પૂછ્યું, 'મેરે સાથ ચલોગે ?' સુરેન્દ્રજી લખે છે, 'માને પૂછવાય નથી રહ્યો.' એ દિવસથી ગાંધીજી સાથે રહ્યા તે રહ્યા.

મેં ગુજરાતીમાં આને માટે એક શબ્દ બનાવ્યો છે : હૃદય ચુંબક. આવું આકર્ષણ ગાંધીજીમાં હતું.

ગાંધીજીએ પહેલાં વર્ષે ફરતાં ફરતાં અને પછીનાં વર્ષો કરતાં કરતાં દેશ જોયો. એ વખતના યુનાઈટેડ પ્રોવિન્સમાં તેઓ ફર્યા, જે અત્યારે ઉત્તર પ્રદેશ છે. તામિલનાડુમાં ફર્યા, ઓરિસ્સામાં ફર્યા. ઘણા સમૃદ્ધ અને ઘણા ગરીબ વિસ્તારો તેમણે જોયા. આવી મોટી યાત્રા હોય ત્યારે કસ્તૂરબા પણ તેમની સાથે રહેતા. દિવસ દરમ્યાન કસ્તૂરબા ગામમાં ફરે, લોકોને મળે ને વાત કરે. એમ ઓરિસ્સામાં પણ કસ્તૂરબા એક ઝૂંપડામાં ગયા ને એમાં રહેતી ત્રણ સ્ત્રીઓ સાથે વાત શરૂ કરી.

'તમારા ગામમાં કોણ આવ્યું છે તે જાણો છો ને ?'

'હા જાણીએ છીએ. અમને તો કેટલાય દિવસ પહેલાંથી ખબર છે કે ગામમાં મહાત્માજી આવવાના છે.'

'એ રોજ સાંજે પ્રાર્થના કરે છે એ જાણો છો ને ?'

'હા. મહાત્માજી હોય તો પ્રાર્થના તો કરે જ ને.'

'અને પ્રાર્થના પછી પ્રવચન પણ કરે છે એ જાણો છો ને ?'

'હા. એય અમને ખબર છે.'

'તો તમે એમનું પ્રવચન સાંભળવા આવશો ને ?'


અગાઉના બધા જ સવાલોના જવાબો આ સ્ત્રીઓએ 'હા'માં આપ્યા હતા પણ આ સવાલ પર તેમણે ચૂપકિદી સેવી. કસ્તૂરબાને આશ્ચર્ય થયું, તેમણે પૂછ્યું, 'કેમ ? તમે પ્રવચન સાંભળવા નહીં આવો ?'

'કેવી રીતે આવીએ ? અમારા ત્રણેય વચ્ચે પહેરવા માટે એક જ સાડી છે !'

કસ્તૂરબાએ આ વાત ગાંધીજીને કરી. ગાંધીજી કંઈ બોલ્યા નહીં, પણ સમસમીને બેસી રહ્યા.

એ પછી મદ્રાસના બીચ પર પચાસ હજાર લોકોની સભા ભરાઈ હતી, જ્યાં ગાંધીજીએ પ્રવચન કર્યું. આમ તો ગાંધીજી કોઈ મોટા નેતાની માફક પ્રવચન નહોતા જ કરતા પણ તેમ છતાં એ દિવસની નોંધ કરનારાઓએ એવું નોંધ્યું છે કે, એ દિવસે પ્રચન કરતાં ગાંધીજી ખચકાતા હતા. અચકાતાં અચકાતાં બોલતાં, પછી થોભી જતાં એવું થયું હતું. એ કોઈ બીજા વિચારમાં હોય એવું લાગતું હતું.

બે દિવસ પછી તેઓ મદુરાઈમાં હતા, જે મદુરાઈ હાથવણાટનું કેન્દ્ર અને ખાસ તો મીનાક્ષી મંદિર માટે પ્રસિદ્ધ છે. આ મદુરાઈમાં જ્યારે ગાંધીજી પોતાની રાવટીમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમના સાથીઓ તેમને જોઈને આશ્ચર્યમાં પડી ગયા. લાંબો સાફો, ખેસ અને લાંબું ધોતિયું તેમણે છોડ્યું હતું અને આજની તસવીરોમાં તમે જે ગાંધીને જુઓ છો તેવા ગાંધી તેઓ ત્યારથી બની ગયા. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ